# મહુધાના ડડુસરમાં તળાવ ઊંડું કરવાના બહાને લાખોની માટીચોરી

**મહુધાના** ડડુસર ગામે સુજલામ-સુફલામ યોજનામાં ભ્રષ્ટાચારની ગંધ, અધિકારીઓના મૌન સામે સવાલો



(પ્રતિનિધિ) નડિયાદ, તા.10

ખેડા જિલ્લાના મહુધા તાલુકાના ડડુસર ગામે સુજલામ-સુફલામ યોજના હેઠળ તળાવ ઊંડું કરવાની કામગીરીમાં ભૂ-માફિયાઓ સક્રિય થયા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. તળાવમાંથી નીકળતી ફળદ્રુપ માટી સ્થાનિક ખેડૂતોના ખેતરોમાં નાખવાને બદલે ભૂ-માફિયાઓ દ્વારા બેરોકટોક ખનન કરી અમદાવાદના બિલ્ડરોને વેચવામાં આવી રહી છે. આ બાબતે તંત્રમાં અનેક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રજીતસિંહની આગેવાનીમાં ગ્રામજનોએ મામલતદાર કચેરીએ હલ્લાબોલ કર્યો હતો.

ડડુસર ગામમાં છેલ્લા 10 દિવસથી તળાવ ખોદવાની કામગીરી ચાલી રહી છે, જેનો ઉદ્દેશ્ય જળ સંચયનો છે. નિયમ મુજબ આ માટી ખેડૂતોએ પોતાના ખર્ચે પોતાના ખેતરમાં લઈ જવાની હોય છે, પરંતુ અહીં તેનાથી વિપરીત પરિસ્થિતિ જોવા મળી રહી છે. માલધારી સમાજના કેટલાક ભૂ-માફિયાઓ આ કામગીરી પર કબજો જમાવીને રાત-દિવસ માટીનું ખનન કરી રહ્યા છે. આ મામલે લેખિત જાણ કરવા છતાં વહીવટી તંત્ર મૌન સેવીને બેઠું હોવાથી અનેક સવાલો ઉભા થયા છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રજીતસિંહ ગ્રામજનો સાથે મામલતદાર કચેરી પહોંચ્યા હતા. મામલતદારે આ બાબતે પોતે અજાણ હોવાનું અને કોઈ મંજૂરી ન આપી હોવાનું જણાવી હાથ ઊંચા કરી દીધા હતા. બીજી તરફ, ઇન્દ્રજીતસિંહે આક્ષેપ કર્યો છે કે તેમણે ખેડા કલેક્ટરને આ અંગે 3 વખત ફોન કર્યા હતા, પરંતુ કલેક્ટરે એક પણ વાર ફોન ઉપાડ્યો નહોતો. આ ઉપરાંત ડીસીએલઆર અને નાયબ કલેક્ટરે પણ સંપર્ક ટાળ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. અધિકારીઓની આ નિષ્ક્રિયતા ભૂ-માફિયાઓને રાજકીય આશીર્વાદ હોવાની શંકા દ્રઢ કરે છે.

ભૂ-માફિયાઓએ તળાવ પાસે આવેલા ભાથીજી મહારાજના પવિત્ર મંદિરની દીવાલ તોડીને માટી કાઢવા માટે રસ્તો બનાવ્યો હોવાના આક્ષેપથી ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે. જો તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી આ ખનન અટકાવવામાં નહીં આવે અને દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી નહીં કરાય તો ગ્રામજનોએ આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# છબરડો: બોરસદથી ભારેલનું 6 કિમીનું દોઢ ગણું બસ ભાડું

**એસટીના** ડિજિટલ મશીનમાં છબરડો, બોરસદ ભારેલ વચ્ચે 6 કિમીનુ 19 રૂપિયા ભાડું




(પ્રતિનિધિ) બોરસદ, તા.9

બોરસદ બસ સ્ટેન્ડથી પસાર થતી જંબુસર ડેપો સંચાલિત જંબુસર ખંભાત બસ રૂટના મશીનમાં છબરડો થતાં મુસાફરો માટે આર્થિક નુકસાની તેમજ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

મળતી માહિતી મુજબ નિયમિત રીતે જંબુસરથી ઉપડીને ખંભાત જતી બસ રૂટ માટે કંડકટરને અપાતા ટિકિટ મશીનમાં ભાડા અંગે છબરડો થતાં મુસાફરો અને કંડકટર વચ્ચે ઘર્ષણ થવાની સ્થિતિ ઉદભવી છે. બોરસદથી ભારેલ ગામનું 6 કિલોમીટર જ અંતર છે. જેનું લોકલ બસમાં મહત્તમ ભાડું 11 રૂપિયા છે. જંબુસર ખંભાત બસ લોકલ બસ રૂટ હોવા છતાં 6 કિલોમીટર માટે 19 રૂપિયા ભાડું વસુલવા માટે મશીનમાંથી ટિકિટ નિકળે છે. જેથી પ્રતિ મુસાફર 19 રૂપિયા વસૂલ કરવામાં આવતાં મુસાફરોને રોજબરોજ આર્થિક નુકસાની વેઠવી પડી રહી છે.

જંબુસર ખંભાત બસમાં મુસાફરી કરતા મુસાફરોને આપવામાં આવતી ટિકિટમાં વધુ ભાડાના મામલે છબરડો ઉજાગર થયો છે. વાસ્તવમાં બોરસદથી ભારેલ ગામનું અંતર 6 કિલોમીટર થાય છે. ડિજિટલ ટિકિટ મશીનમાંથી 6 કિલોમીટર પ્રિન્ટ થઈને આવે છે, પરંતુ ભાડા વસુલાત 19 કિલોમીટર મુજબ કરવામાં આવતી હોવાનો આક્ષેપ મુસાફરો ધ્વારા થયો છે. વિવાદાસ્પદ પ્રકારની ટિકિટ આપવામાં આવી રહી છે. જેના કારણે મુસાફરોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

# નડિયાદ ખાતેની ક્રિષ્ના ટાઉનશીપમાં અનઅધિકૃત બાંધકામનો વિવાદ વકર્યો

**સંયુક્ત** માલિકીના પ્લોટમાં પરવાનગી વગર મંદિર અને રૂમ ખડકી દેવાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.10

નડિયાદ ખાતે આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની ક્રિષ્ના ટાઉનશીપમાં કોમન પ્લોટ પર થયેલા ગેરકાયદેસર બાંધકામ અને દબાણના મામલે રહીશે તંત્ર સામે મોરચો માંડ્યો છે. સ્થાનિક રહીશ હેમંત પ્રધ્યુમન બારોટ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો છતાં મહાનગરપાલિકા દ્વારા નક્કર કાર્યવાહી ન થતા રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે.

નડિયાદમાં વાણીયાવાડ કોલેજ રોડ પર આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની 91 MIG સ્કીમમાં આવેલા કોમન પ્લોટને લઈને છેલ્લા લાંબા સમયથી ગજગ્રાહ ચાલી રહ્યો છે. રહીશ હેમંત પ્રધ્યુમન બારોટના જણાવ્યા મુજબ, સોસાયટીના કોમન પ્લોટમાં એક મંદિર, એક મોટી રૂમ અને શૌચાલયનું અનઅધિકૃત બાંધકામ ખડકી દેવામાં આવ્યું છે. આ બાંધકામ માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ કે સ્થાનિક સત્તામંડળ પાસેથી કોઈપણ પ્રકારની પૂર્વ પરવાનગી લેવામાં આવી નથી. આ મામલે હાઉસિંગ બોર્ડ દ્વારા અગાઉ નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં દબાણ કરનારા તત્વો દ્વારા આ બાંધકામને રેગ્યુલરાઈઝ કરાવવા માટેના પ્રયાસો તેજ કરવામાં આવતા રહીશોમાં ભારે અસંતોષ ફેલાયો છે. ગુજરાત હાઉસિંગ બોર્ડના કાર્યપાલક ઈજનેરે નડિયાદ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનરને પત્ર લખીને આ બાંધકામ GDCR ના નિયમો મુજબ છે કે કેમ તેની ચકાસણી કરવા સૂચના આપી છે. જો આ બાંધકામ નિયમો વિરુદ્ધ હોય તો તેને ગેરકાયદેસર ગણીને દૂર કરવાની કાર્યવાહી કરવા પણ જણાવાયું છે. બીજી તરફ હાઉસિંગ બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે આ કોમન પ્લોટ 91 MIG અને 10 HIG યોજનાઓનો સંયુક્ત પ્લોટ છે અને તેની જાળવણી એસોસિએશને કરવાની હોય છે પરંતુ માલિકી તો બોર્ડની જ રહે છે.

આ મામલે હેમંત બારોટ દ્વારા મુખ્યમંત્રી સુધી પણ લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે.

# દિવ્યાંગજનોને સાધન સહાય યોજનાના લાભ માટે અનુરોધ

(પ્રતિનિધિ) આણંદ, તા.10

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામક, સમાજ સુરક્ષા ખાતા દ્વારા દિવ્યાંગજનો માટેની 'દિવ્યાંગ સાધન સહાય યોજના' અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઓનલાઈન પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આણંદ જિલ્લાના ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ આ યોજનાનો લાભ લઈ શકશે.

દિવ્યાંગ સાધન સહાય યોજના અંધત્વ માટે સ્માર્ટ કેન, સ્માર્ટ ફોન, વિઝ્યુઅલ ઈમ્પેરડ કિટ, બ્રેઈલ કિટ, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી માટે, વ્હિલચેર, કેલીપર્સ, શ્રવણક્ષતિ માટે હિયરીંગ એઈડ્સ બંને કાન માટે, ઓછી દ્રષ્ટિ માટે ચશ્મા, બૌદ્ધિક અસમર્થતા (માનસિક રોગ) માટે વય મર્યાદા મુજબ ટી.એલ.એમ કિટ, રક્તપિત્ત મુક્ત વ્યક્તિઓ માટે એ.ડી.એલ કિટ, કરવા સેલફોન, અસ્થિવિષયક દિવ્યાંગતા માટે વ્હિલચેર, ટ્રાઈસીકલ, વોકિંગ સ્ટીક, એલ્યુમિનિયમ કાખઘોડી (એક્સિલા ક્રચ), એલ્બો ક્રચ, કેલીપર્સ, કૃત્રિમ અંગો અને સેરેબ્રલ પાલ્સી માટે સી.પી. ચેર, નાની વ્હિલચેર, રોલેટરસ અને કેલીપર્સની સુવિધા મળવા પાત્ર છે. લાભાર્થીઓએ ઓનલાઈન પોર્ટલ https://esamajkalyan.gujarat.gov.in/ પર અરજી કરવાની રહેશે. પોર્ટલ શરૂ થયાની તા. ૩૦/૦૬/૨૦૨૬ સુધી ખુલ્લુ રેહશે. આણંદ જિલ્લાના તમામ દિવ્યાંગજનો વધુ માહિતી માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, ભોંયતળીયે, જુની કલેક્ટર કચેરી, સર્કિટ હાઉસની બાજુમાં, અમુલ ડેરી સામે, આણંદનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યુ છે.

ખેડા જિલ્લામાં શ્રમિકોના શોષણ સામે ભારતીય મજદૂર સંઘની લડત

# ખેડામાં 12 કલાક મજુરી કરાવી પૂરતુ વેતન ન અપાતું હોવાનો આક્ષેપ

**પીએફ અને ગ્રેજ્યુઈટી** જેવા લાભોથી વંચિત રાખતા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

ખેડા જિલ્લાના વિવિધ ઔદ્યોગિક એકમોમાં કામ કરતા શ્રમિકોના પડતર પ્રશ્નો અને થતા શોષણના વિરોધમાં ભારતીય મજદૂર સંઘ દ્વારા ઉગ્ર લડત શરૂ કરવામાં આવી છે. શ્રમ કાયદાઓના સરેઆમ ઉલ્લંઘન અને શ્રમિકોની કથળતી સ્થિતિ અંગે આજે સંઘના હોદ્દેદારોએ જિલ્લા કલેક્ટરને મળીને મુખ્યમંત્રી અને શ્રમ મંત્રીને સંબોધતું એક વિસ્તૃત આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, જિલ્લાના અનેક એકમોમાં શ્રમિકો પાસે નિયત 8 કલાકના બદલે 12 કલાક સુધી ફરજ લેવામાં આવે છે, તેમ છતાં તેમને કાયદા મુજબનું પૂરતું વેતન આપવામાં આવતું નથી. આ ઉપરાંત, માલિકો દ્વારા મનસ્વી રીતે કામદારોને નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવતા હોવાથી શ્રમિકોમાં ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે. લાભોથી વંચિત રાખવાની નીતિ ભારતીય મજદૂર સંઘે આક્ષેપ કર્યો છે કે શ્રમિકોને પીએફ (PF), ગ્રેજ્યુઈટી અને ઓવરટાઈમના નાણાં સમયસર મળતા નથી. આ અકસ્માત કે બીમારીના સમયે જરૂરી આરોગ્યલક્ષી સુવિધાઓનો પણ અભાવ જોવા મળે છે. નવા શ્રમ કાયદાઓ અમલમાં હોવા છતાં પાયાના સ્તરે તેનો અમલ થતો ન હોવાથી શ્રમિકો મુશ્કેલીમાં મુકાયા છે.

આ આવેદનપત્રમાં માગણી કરી હતી કે, શ્રમ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવી, 'સમાન કામ, સમાન વેતન'ના સિદ્ધાંતનો અમલ કરવો, લઘુત્તમ વેતન અને પીએફ સહિતની સુવિધાઓ ત્વરિત ઉપલબ્ધ કરાવવી, શ્રમ કાયદાઓનું કડક પાલન કરાવી શોષણ અટકાવવું જોઈએ.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખંભાતના નાના કલોદરાની ચંચલ દીપ વિદ્યાવિહારમાં વેકેશનમાં વિદ્યાર્થીઓ ગણિતમય બન્યા




**ખંભાત** | ખંભાત તાલુકાના નાના કલોદરા સ્થિત શ્રી ચંચલ દીપ વિદ્યાવિહારમાં વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ માટે ગણિત અને વિજ્ઞાનના વિશેષ પ્રવૃત્તિલક્ષી વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આણંદ જિલ્લાના આ એકમાત્ર સાયન્સ સેન્ટરમાં ધોરણ 4 થી 10 ના વિદ્યાર્થીઓ દર અઠવાડિયે બે દિવસ વિવિધ નમૂનાઓ બનાવીને ગાણિતિક અને વૈજ્ઞાનિક પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે. શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના સમયના સદુપયોગ અને ઉજ્જવળ કારકિર્દી માટે ધોરણ 10 નો અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓના આ જ્ઞાનવર્ધક ઉત્સાહને આચાર્ય ઇન્દ્રાબેન પટેલ અને પ્રમુખ નવીનભાઈ પટેલે બિરદાવી સમગ્ર શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યાં હતાં.

### બાકરોલની સ્પેક કોલેજના પ્રોફેસર નૈતિક રામીને મેનેજમેન્ટ વિષયમાં પીએચડીની પદવી એનાયત

**આણંદ** | બાકરોલ સ્થિત SPEC (MBA) કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર નૈતિક રામીને સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા મેનેજમેન્ટ



વિષયમાં પી.એચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. તેમણે ડો. આશિષ મહેતાના માર્ગદર્શન હેઠળ ગુજરાતના નાગરિકોની નાણાકીય સાક્ષરતા અને રોકાણના નિર્ણયો પર ઊંડાણપૂર્વક સંશોધન કર્યું છે. આ શૈક્ષણિક સિદ્ધિ બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, ટ્રસ્ટીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. છેલ્લા 14 વર્ષથી કાર્યરત નૈતિકભાઈને તેમની આ સફળતા બદલ પરિવાર અને મિત્રો તરફથી પણ અભિનંદન મળી રહ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### બોરસદની ઝારોલા હાઇસ્કુલમાં ધોરણ 10માં 99% અને 12 સામાન્ય પ્રવાહમાં 100 ટકા આવ્યુ

**બોરસદ** | ઝારોલા હાઇસ્કુલનું ધોરણ 10નું 99 ટકા અને 12 વિજ્ઞાન પ્રવાહનું 92 ટકા પરિણામ આવ્યું છે. વડલીની દીકરી ધન્વી પટેલે



96 ટકા સાથે A1 ગ્રેડ મેળવી રાસ કેન્દ્રમાં પ્રથમ જ્યારે નિકિતા સોલંકી અને પૃથ્વીરાજ ડાભીએ શાળામાં અનુક્રમે દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું છે. શાળાના એમડી નવીનભાઈ પટેલ અને આચાર્ય ધર્મેશભાઈ પટેલે શ્રેષ્ઠ પરિણામ લાવનાર તેજસ્વી વિદ્યાર્થીઓના ઘરે જઈને પરિવારની હાજરીમાં તેમને સન્માનિત કર્યા હતા. એમડી નવીનભાઈએ આ સફળતાને તેમના નિવૃત્તિ વર્ષની અવિસ્મરણીય ભેટ ગણાવી તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ચરોતર એજ્યુકેશન સોસાયટીનું ધોરણ 10માં 50 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો



**આણંદ** | આણંદની પ્રતિષ્ઠિત ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વિવિધ શાળાઓએ ધોરણ-10માં ઝળહળતું પરિણામ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ડી.એન. હાઈસ્કૂલ અને કસ્તુરબા કન્યા વિદ્યાલય સહિતની શાળાઓના કુલ 50 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કરી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને ડિરેક્ટરશ્રીઓ દ્વારા આ ભવ્ય સફળતા બદલ તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં. આ શાળાઓના આચાર્યો અને સ્ટાફગણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

### આણંદની ડી.એન. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ બોર્ડ પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી

**આણંદ** | ગુજરાત બોર્ડ ધોરણ-12 વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના પરિણામોમાં ડી.એન. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં હર્ષકુમાર ચૌધરીએ રસાયણ વિજ્ઞાનમાં



100માંથી 100 ગુણ મેળવ્યા છે, જ્યારે હર્ષકુમાર અને ધીરજ ભોજવાણીએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. શાળાના સામાન્ય પ્રવાહનું પરિણામ 79.22 ટકા રહ્યું છે, જેમાં દેવ દગિયા સહિત અન્ય 7 વિદ્યાર્થીઓએ એ2 ગ્રેડ સાથે શ્રેષ્ઠ સફળતા મેળવી છે. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી કેતનભાઈ પટેલ અને આચાર્ય ગિરીશભાઈ પટેલે તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### આણંદની મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયમાં 'મિશન પિંક હેલ્થ' અંતર્ગત હિમોગ્લોબીન તપાસ શિબિર યોજાઈ

**આણંદ** | મોગરી સ્થિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયમાં ડો. શિવાની ભટ્ટ ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા 'મિશન પિંક હેલ્થ' અંતર્ગત વિદ્યાર્થીઓ



માટે રક્તમાં હિમોગ્લોબીન તપાસનો કાર્યક્રમ યોજાયો હતો. આ શિબિરમાં કુલ 253 વિદ્યાર્થીઓ અને સ્ટાફની તપાસ કરી જરૂરિયાત મુજબ આયર્ન તથા વિટામિન ડી3 ની ટેબ્લેટનું વિતરણ અને એનીમિક વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ડો. હેમંત ભટ્ટ અને પિડિયાટ્રિશ્યન મયૂરીબહેન દોશીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં શાળાના આચાર્ય અને સંચાલકોએ ઉમદા સહયોગ પૂરો પાડ્યો હતો. યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદગુરુ ડો.રતિકાકાએ આશીર્વાદ પાઠવ્યા હતા.

### આણંદની પી. એમ. પટેલ કોલેજ ખાતે 9મી ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું ભવ્ય આયોજન કરાયું



**આણંદ** | શહેરની પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે 'આશા' દ્વારા શૈક્ષણિક શ્રેષ્ઠતા અને સંશોધનને વેગ આપવા 9મી ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું ગૌરવશાળી આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં નિષ્ણાત વક્તાઓ દ્વારા વિવિધ વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું અને મહાનુભાવોના હસ્તે સંશોધન પુસ્તકોનું વિમોચન પણ કરાયું હતું. એપીએમએસના સેક્રેટરી ડો. ઈશિતાબેન પટેલે કાર્યક્રમની સફળતા બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું અને ઉત્કૃષ્ટ પેપર પ્રેઝન્ટેશન કરનાર પ્રાધ્યાપકોનું વિશેષ સન્માન કરાયું હતું.

### વણસર ગામમાં 'ટી.બી. મુક્ત ભારત' અભિયાન હેઠળ એક્સ-રે કેમ્પ યોજાયો

**નડિયાદ** | 'ટી.બી. મુક્ત ભારત'ના સ્વપ્નને સાકાર કરવાના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સંધાણા અને આયુષ્માન આરોગ્ય



મંદિર રાધાવાણજ દ્વારા વણસર ગામ ખાતે ક્ષય રોગના વહેલા નિદાન માટે વિશેષ એક્સ-રે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા અને તાલુકા આરોગ્ય અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં માત્ર અડધા જ દિવસમાં 192 લોકોના એક્સ-રે કરીને આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આ કાર્યક્રમની સફળતામાં ડો એમ.એમ.જાની તાલુકા એસટીએસ, આશા બહેનો અને પેરામેડિકલ સ્ટાફની ઘરે-ઘરે જઈને કરેલી જનજાગૃતિની કામગીરી અત્યંત મહત્વની રહી હતી.

### નડિયાદની તેજસ્વી વિદ્યાર્થિની સલમા મેમણનું વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી દ્વારા સન્માન કરાયું



**નડિયાદ** | વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી દ્વારા માર્ચ-2026ની એચએસસી સાયન્સ બોર્ડ પરીક્ષામાં ખેડા જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી નડિયાદનું નામ રોશન કરનાર કુમારી સલમા મેમણનો વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. અગાઉ એસએસસીમાં પણ રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવનાર આ તેજસ્વી વિદ્યાર્થિનીને સોસાયટીના હોદ્દેદારો દ્વારા પુષ્પગુચ્છ અને સન્માન પત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ મુઝમ્મીલખાન પઠાણ, સેક્રેટરી ઈકબાલ મેમણ, ખજાનચી ઈમ્તિયાઝ વૈદ્ય તથા કન્વીનર હફીઝભાઈ મલેક ઉપસ્થિત રહી સલમાની સફળતાને બિરદાવી હતી.

### આણંદની સારસાની પરમગુરુ પાઠશાળાએ ધોરણ-12માં 100 ટકા સાથે મેદાન માર્યું

**આણંદ** | ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરાયેલ ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)ના પરિણામમાં પરમગુરુ પાઠશાળા ઈંગ્લીશ મીડીયમ



સ્કુલ, સારસાએ 100 ટકા પરિણામ મેળવી રેકોર્ડબ્રેક સફળતા હાંસલ કરી છે. શાળામાં ભોઈ પ્રાન્તિ સંજયભાઈ 97.96 ગુણ સાથે પ્રથમ અને ઠાકોર પિયુષ કુમાર મનુભાઈ 94.94 ગુણ સાથે દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ જગતગુરુ શ્રી અવિચલદાસજી મહારાજ તથા શાળાના ડાયરેક્ટર અને આચાર્યોએ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ શાળાના શિક્ષકગણે પણ વિદ્યાર્થીઓની આ સફળતાને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### સારસા સત્ કૈવલ વિદ્યા મંદિરનું ધોરણ-12 બોર્ડમાં સો ટકા ઝળહળતું પરિણામ આવ્યું

**આણંદ** | ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધોરણ-12ના પરિણામમાં સત્ કૈવલ વિદ્યા મંદિર, સારસા (ગુજરાતી માધ્યમ)



એ સતત વર્ષોની જેમ આ વર્ષે પણ 100% પરિણામ મેળવી રેકોર્ડબ્રેક સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં ચૌહાણ પારુલ પ્રથમ, પ્રજાપતિ નમીની દ્વિતીય અને પરમાર મીનાક્ષી તૃતીય ક્રમે ઉત્તીર્ણ થઈ શાળાનું અને સારસા કેન્દ્રનું ગૌરવ વધાર્યું છે. આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ જગતગુરુ અવિચલદેવાચાર્ય મહારાજ તથા શાળાના ડાયરેક્ટર મહેશભાઈ અને અંકિતભાઈ પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ શાળાના આચાર્યા ઉન્નતિબેન પટેલ અને શિક્ષક મિત્રોએ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં.